વરસતા ખેતરોમાં ઊભા પાકને જીવતદાન મળ્યું છે.

### ભરૂચના નબીપુર - પાલેજ વચ્ચેની હોટલના પાર્કિંગમાંથી

# ટ્રકમાં પ્લાસ્ટિકની આડમાં લઈ જવાતો રૂા.૧૧.૯૮ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

ભરૂચ,તા.૨૦

ભરૂચ એલ.સી.બી.ની ટીમે નબીપુર - પાલેજ હાઈવે પર આવેલી હોટલના પા કગમાંથી ટ્રકમાં પ્લાસ્ટિકની આડમાં સંતાડેલા દારૂના જથ્થા સાથે ડ્રાઈવરને પકડી પાડ્યો હતો.

## નેપાળી ડ્રાઈવરની ધરપકડ, પોલીસને નેપાળ અને કતારના ડ્રાઈવિંગ લાયસન્સ મળ્યા

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા નેશનલ હાઈવે નં.૪૮ ઉપર ખાનગી વાહનોમાં પેટ્રોલિંગ ચાલી રહ્યું હતું. નબીપુરથી પાલેજ વચ્ચે આવેલી રિલીફ હોટલના પાર્કિંગમાં કેટલીક ટ્રકો ઉભી હતી. જે પૈકી એક ટ્રક ડ્રાઈવરની હિલચાલ શંકાસ્પદ લાગતાં પોલીસે હતી. ટ્રકની તાડપત્રી હટાવી તલાશી લેતા તેમાં પ્લાસ્ટિકના બારદાન મળી આવ્યા હતા.જેને હટાવી પાછળ જોતા દારૂ અને બીયરની પેટીઓ મળી આવી હતી. પોલીસે રૂ.૧૧.૯૮ લાખના વિદેશી દારૂના ૩૮૮ બોક્સ, ૮૨૨૨ બોટલો મળી આવી હતી. પોલીસે દારૂનો જથ્થો અને રૂા.૬.૫૮ લાખના પ્લાસ્ટિકના બારદાન અને ટ્રક મળી કુલ રૂા.૨૮.૬૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે ટ્રકના ડ્રાઈવર બ્રિસપતિ ખેમાનંદ ચપાગૈન (મૂળ રહે. લુમ્બિની, નેપાળ)ની ધરપકડ કરી તેની પૂછપરછ કરતાં તેની પાસેથી નેપાળ અને કતારનું ડ્રાઈવિંગ લાયસન્સ મળી આવ્યું હતું. પોલીસે દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યો અને કોને પહોંચાડવાનો હતો તેની તપાસ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 21/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## ડીવાયએસપીના હસ્તે લોકાર્પણ કરાયું

# અંકલેશ્વર પંચાતી બજારની નવી પોલીસ ચોકીનો પ્રારંભ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર ની પંચાતી બજાર ખાતે પોલીસ ચોકી નું નિર્માણ કરવામાં આવ્યું હતું આ પોલીસ ચોકી નું નવીનીકરણ કરવામાં આવતા ડીવાયએસપી ચિરાગ દેસાઈ ના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે શહેર એ ડિવિઝન પોલીસ મથકના પીઆઇ આર.એચ વાળા, સીપીઆઇ બી.એમ.પાટીદાર, પીએસઆઇ જે પી ચૌહાણ ,ડી.એ.ક્રિશ્યન .ટ્રાફિક વિભાગના પીએસઆઇ સહીત પોલીસ કર્મચારીઓ તેમજ આગેવાનો હાજર રહ્યા હતા. કાયદો અને વ્યવસ્થા જળવાઈ તેમજ વહીવટી સરળતા ને લઈ વિવિધ વિસ્તારમાં પોલીસ દ્વારા ચોકી ઉભી કરી કરવામાં આવી રહેલી કામગીરી કરાઈ રહી છે.



**DATE: 21/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

## અભયમની ટીમે સંતાનને તેની ભૂલ સમજાવી

# ઓનલાઈન ગેમિંગના રવાડે ચઢેલાં પુત્રનો માતાને ત્રાસ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના એક વિસ્તારમાં વિધવા પોતાના નેહલ નામના પુત્ર સાથે રહે છે. અત્યાર સુધી નેહલ બેને કંપનીમાં નોકરી કરીને પુત્રનું લાલન પાલન કર્યું છે.

પુત્ર મોટો અને કમાવવાની ઉંમર થતા માતાએ નોકરી લગાવતા તે સમયસર નોકરી નહિ જઈને મોબાઈલમાં ઓનલાઈન ગેમિંગ ની આદત પણ લાગી હોવાના કારણે માતાના આધારકાર્ડ પર લોન લઈને ગેમિંગ માં રૂપિયા હારી જતાં માથે દેવું પણ થઈ ગયું છે. જેના કારણે માતા તેને નોકરી જવા અંગે ઠપકો આપતા માતા સાથે ઝઘડો કરીને તેમની સાથે બોલવાનું બંધ કરીને મોં ફુલાવી ને બેસી રહે છે.જેથી કંટાળી ગયેલી માતાએ 181 મહિલા હેલ્પલાઈનમાં કોલ કરીને પુત્ર ને સમજાવવા માટે મદદ માંગી હતી. આ અંગેનો કોલ મળતા જ ભરૂચની ટીમ રેસ્ક્યુ વાન સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. ટીમના કાઉન્સિલરે નેહલ બેન ના પુત્ર ને બોલાવી તેને સમજાવી તેના.આવડત હોય તેવી પ્રકારની નોકરી અથવા ધંધો કરવાની સલાહ આપી હતી.

## અંકલેશ્વર તાલુકાના કોસમડી ગામમાંથી

# નંબર પ્લેટ વિનાની ચોરીની બાઈક લઈને ફરતો ગઠિયો ઝડપાયો

અંકલેશ્વર તા.૨૧

અંક્લેશ્વર જી.આઈ.ડી.સી પોલીસ મથકની હદમાંથી ચોરી થયેલ બાઈક સાથે કોસમડીના મોરા ફળીયામાંથી એક ઈસમને શંકાસ્પદ હાલતમાં ઝડપી પાડ્યો હતો.

ભરુચ એલસીબીનો સ્ટાફ અંક્લેશ્વર જી.આઈ.ડી.સી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે અંક્લેશ્વરના કોસમડી ગામમાં આવેલ મોરા ફળીયામાં એક ઈસમ આગળની નંબર પ્લેટ વિનાની શંકાસ્પદ બાઈકનો ઉપયોગ કરે છે જેવી બાતમીના આધારે પોલીસે મોરા ફળિયામાં વોચ ગોઠવી હતી અને બાતમી વાળા ઈસમને અટકાવી તેની પાસે રહેલ બાઈકના કાગળો માંગતા તેણે સંતોષકારક જવાબ નહીં આપતા પોલીસે રૂ.૨૦હજારની બાઈક કબ્જે કરી મોરા ફળીયા રહેતો મહમદ સાહબુદ્દીન ઉર્ફે સાબુ બીજનેશ રાંયમી શંકાસ્પદ હાલતમાં અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી હતી.

**DATE: 22/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–03**

### એલસીબીની ટીમે ઓપરેશન પાર પાડ્યું

# અવાદર વેસ્ટ પ્રકરણમાં વોન્ટેડ આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી પોલીસ દ્વારા 11 ઓગસ્ટ ના રોજ અવાદર ગામ ખાતે કેમિકલ વેસ્ટ પાણી જાહેર માં નિકાલ કરતા ટેન્કર ને ઝડપી પાડી 3 ઈસમની અટકાયત કરી તાલુકા પોલીસને હવાલે કર્યું હતું. જે અંતર્ગત તાલુકા પોલીસે એ મધ્યપ્રદેશના નાગદા ના યોગેન્દ્ર સિંહ રાજેન્દ્ર સિંહ રાજપૂત, અને ધ્રુવ મનોજ મીના તેમજ વડોદરા ના શિનોર ના અનિલ રામજીભાઈ વસાવા આ કેમિકલ વેસ્ટ ભરાવી આપનાર મધ્યપ્રદેશ ના નાગદા ના મનોજ મીના તેમજ ઝઘડીયા જીઆઈડીસી પ્લોટ નંબર 39/3 ખાતેની વી આર ઈન્ડસ્ટ્રીઝ સામે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી હતી. જે ગુનામાં નાસતા-ફરતા વી આર ઈન્ડસ્ટ્રીઝ ના જીત કુમાર ઉર્ફે જય રાજેશ બુટાણી અંકલેશ્વર જીઆઈડીસી માં પોતાના રાજદીપ એપાર્ટમેન્ટ ખાતે ના નિવાસ્થાને આવ્યો હોવાની માહિતી એલસીબી પોલીસને મળતા એલસીબી પોલીસ ને તને ઘરેથી ઝડપી પાડ્યો હતો. અને તેના રિમાન્ડની તજવીજ શરુ કરી વધુ તપાસ આરંભી હતી.

**DATE: 22/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–03**

### પેરોલ ફર્લો સ્કોર્ડે રાજકોટથી ઝડપી લાવી

# અકસ્માતના ગુનામાં ફરાર ડ્રાઈવર 10 વર્ષે બાદ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકે અકસ્માતના ગુનામાં ફરાર ડ્રાઈવર 10 વર્ષે ઝડપી પાડ્યો હતો. 2014 માં જીઆઈડીસી પોલીસ મથક માં થયેલા અકસ્માતમાં દાહોદ નો ચાલક પોલીસ પકડ થી બચવા રાજકોટ ખાતે ખેતરમાં મજૂરી કરતો હતો. પેરોલ ફર્લો સ્કોર્ડ એ માહિતી આધારે રાજકોટ થી ઝડપી પાડી જીઆઈડીસી પોલીસ ના હવાલે કર્યો હતો.

ભરૂચ જિલ્લા પેરોલ ફર્લો સ્કોર્ડ ના પી.એસ.આઈ વી. એ રાણા ના માર્ગદર્શન હેઠળ જિલ્લા માં વિવિધ ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવાની ડ્રાઈવ શરુ કરતા હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સ વડે માહિતી મળી હતી કે 2014માં અંકલેશ્વર જીઆઈડીસી માં અકસ્માત સર્જી ઈસમ નું મોત નીપજાવનાર ચાલક રાજકોટ ખાતે ખેત મજૂરી કરી રહ્યો છે. જે માહિતી આધારે પેરોલ ફર્લો સ્કોર્ડ ની ટીમ રાજકોટ ના જામ કંડોરણા તાલુકા ના ચાવડી ગામ ગોપાલ તારપરા ના ખેતર માં ખેતમજૂરી કરતા મૂળ દાહોદ ના ધાનપુર ના દિનેશ કેશવ ભાભોર ને ઝડપી પાડ્યો હતો.

# પાલેજના નવીનગરી મહોલ્લામાંથી દારૂ ઝડપાયો



ભરૂચ: પાલેજ પોલીસ પેટ્રોલિંગમાં હતી. ત્યારે બાતમી મળી હતી કે, પાલેજની નવીનગરીમાં રહેતા મનોજ સોમા ઠાકોરના ઘરે દારૂ સંતાડી રાખ્યો છે. આ બનાવમાં પોલીસે લાકડાં અને કંતાનની આડમાં સંતાડીને રાખેલાં મોટાં અલગ અલગ બોક્સમાંથી કિં.રૂ.૬૩,૬૦૦નો દારૂ ઝડપી લીધો હતો. પૂછપરછમાં આ જથ્થો ભરૂચના યાસીન મેમણ પાસેથી મંગાવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. પાલેજ પોલીસે મનોજ ઠાકોરની ધરપકડ કરી તથા ભરૂચના યાસીન મેમણને વોંટેડ જાહેર કર્યો હતો.

**DATE: 23/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJRAT SAMACHAR PAGE–04**

# નેત્રંગની થવા ચેકપોસ્ટ પાસે ટ્રકમાંથી કતલખાને લઈ જતા ૧૪ પશુને બચાવ્યા

નેત્રંગ. તા.૨૨

નેત્રંગ પોલીસે ગુજરાતમાંથી મહારાષ્ટ્રના ધુલીયા ખાતે કતલખાને લઈ જવાતા પશુઓ ભરેલી ટ્રક ઝડપી પાડી હતી.પોલીસે ટ્રકના ડ્રાઈવર કંડક્ટરને પકડી પાડ્યો હતો.જ્યારે મુખ્ય આરોપી ફરાર જાહેર કર્યો છે. ભરૂચ વિભાગમાંથી નેત્રંગ પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાંથી બેરોકટોક પશુઓની મહારાષ્ટ્ર તરફ હેરાફેરી ચાલી રહી છે. નેત્રંગ પોલીસ નાઈટ પેટ્રોલિંગરમાં હતી.તે દરમિયાન એક ટ્રક પશુઓ ભરી મહારાષ્ટ્રના ધુલીયા ખાતેના કતલખાને લઈ જવાતા હોવાની બાતમીના આધારે પોલીસે થવા ચેકપોસ્ટ પાસે વોચ઼ં ગોઠવી હતી.તે દરમિયાન ટ્રક આવતા તેને રોકી તપાસ કરતા ખીચોખીચ ભરેલા પશુઓ મળી આવ્યા હતા.જેમના માટે ટ્રકમા કોઈ પણ પ્રકારનો ઘાસચારાની વ્યવસ્થા ન હતી.પોલીસે ટ્રકમાંથી ૧૪ પશુઓ કબજે કર્યા હતા.ટ્રક અને મુદ્દામાલ કબજે લઈ ટ્રકનો ડ્રાઈવર અને કંડક્ટરને પકડી પાડી તેમની સામે કાર્યવાહી હાથ ધરી છે. ઝડપાયેલ આરોપીમાં (૧) પ્રદીપ ચંદસિંગ ગણપત વસાવા ટ્રક ડ્રાઈવર રહે ગુંદીયા તા,વાલીઆ જી.ભરૂચ. (૨) અકમ નાથુ મોળી મુલતાની રહે ઝંખવાવ તા, માંગરોળ જી. સુરત.વોન્ટેડ મુખ્ય આરોપી (૧ ) ઈમ્તિયાઝ અલારખા મુલતાની રહે ઝંખવાવ તા, માંગરોળ જી. સુરતના છે.

નિતિનકુમાર દ્વારા આયોજીત
સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિસર - ચુંદડી મનોરથ સાથે
તા. : ૨૪ ઓક્ટોબર ના રોજ ચોક્કસ ઉપડે છે
નર્મદા પરિક્રમા
દિ - ૧૪, રહેવા - જમવા સાથે, 2X2 સ્લીપર બસ દ્વારા
સંપૂર્ણ દક્ષિણ ભારત સાથે કેરાલા દિ-૨૨/૨૩
M : 9574657392

## નેશનલ હાઈવે પર માંડવા ટોલ નાકા પાસેથી

# ટેમ્પોમાં ભરેલો શંકાસ્પદ ભંગારનો જથ્થો મળી આવ્યો

## રૂા.૬.૬૪ લાખના મુદ્દામાલ જપ્ત કરાયો

। અંકલેશ્વર ।

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે નેશનલ હાઈવે પર માંડવા ટોલ નાકા પાસે ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે નેશનલ હાઈ વે પર માંડવા ટોલ નાકા પાસેથી ટેમ્પોમાં ભરેલ શંકાસ્પદ ભંગારનો જથ્થો મળી ચાર ઈસમોને રૂ.૬.૬૪ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચની ટીમ અંકલેશ્વર નેશનલ હાઈવે ઉપર પેટ્રોલિંગમા હતી તે દરમિયાન બાતમી મળી હતી કે ટેમ્પો નંબર- જી.જે.૧૬ ઝેડ.૭૨૩૫માં શંકાસ્પદ ભંગારનો જથ્થો દહેજથી અંકલેશ્વર અંસાર માર્કેટ તરફ જનાર છે જેવી બાતમીના આધારે પોલીસે માંડવા ટોલ નાકા પાસે વોચ ગોઠવી હતી તે વેળા બાતમી વાળો ટેમ્પો આવતા પોલીસે તેને અટકાવી ટેમ્પોમાં તપાસ કરતાં તેમાંથી ૫૩૩૦ કિલો શંકાસ્પદ ભંગારનો જથ્થો મળી આવ્યો હતો પોલીસે ટેમ્પોમાં સવાર મૂળ યુપી અને હાલ અંકલેશ્વરના અંસાર માર્કેટમાં રહેતો સતિષકુમાર દિપકકુમાર સરોજ,ભુષણ લાલબિહારી હરીજન અને રામદેવલ રામબ્રીજ હરીજન તેમજ સુરેન્દ્ર હરી યાદવને ભંગાર અંગે પૂછપરછ કરતાં ચારેય ઈ સમોએ સંતોષકારક જવાબ નહીં આપતા પોલીસે ચારેયની શંકાસ્પદ હાલતમાં અટકાયત કરી ૧.૫૯ લાખનો ભંગાર અને ૫ લાખનો ટેમ્પો મળી કુલ ૬.૬૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

DATE: 23/08/2023 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE–11

# અંકલેશ્વરના જૂની દીવા ગામે જુગાર રમતા ૪ ઝડપાયા

। અંકલેશ્વર ।

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે જૂની દીવા ગામના રાઠોડ ફળિયામાં માર્ગ ઉપર જુગાર રમતા ચાર જુગારીયાઓને ઝડપી પાડ્યા હતા. અંકલેશ્વરના જૂના દીવા ગામના રાઠોડ ફળિયામાં માર્ગની બાજુમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગારધામ ચાલી રહ્યો છે જેવી બાતમીના આધારે શહેર એ ડિવિઝન પોલીસે દરોડા પાડ્યા હતા પોલીસે સ્થળ પરથી રોકડા ૬ હજાર અને બે મોબાઈલ ફોન મળી કુલ ૧૦ હજારના મુદ્દામાલ સાથે જૂની દીવા ગામમાં રહેતાં જુગારી હનીફ સબિર પટેલ,રવિન્દ્ર ભગવાનદાસ પટેલ અને શૈલેષ ગોવિંદ પટેલ સહિત હનીફ કાસમ મલેકને ઝડપી પાડ્યો હતો

**DATE: 23/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–12**

### ૭ ગુનાઓમાં આરોપીઓ વૉન્ટેડ હતા

# ભરૂચ જિ.ના દારૂના ગુનાઓમાં સંડોવાયેલા બે આરોપી ઝડપાયા

## વાસદ ટોલનાકા અને નર્મદા ચોકડીથી બંનેને દબોચી લેવાયા

। ભરૂચ ।

ભરૂચ એલસીબી પીઆઈ ઉત્સવ બારોટ અને તેમની ટીમે જુદા જુદા સાત ગુનાઓમાં સંડોવાયેલા બે રીઢા આરોપીઓ પાસે બે મોબાઈલ કિંમત રૂા.૧૦ હજારનો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.



ગતરોજ એલસીબીના પીએસઆઈ પી.એમ.વાળાની ટીમને મળેલ બાતમી અનુસાર નર્મદા અને સુરત ગ્રામ્ય જિલ્લાના કુલં ૪ પ્રોહિબીશનના ગુનાઓમાં વોન્ટેડ બુટલેગર ધ્રુવ ઉર્ફે જીનુ પટેલ, રહે. મહાદેવ નગર, ભરૂચ, ભાવનગરથી વડોદરા તરફ તન્નાની ટ્રાવેલર્સમાં આવી રહ્યો છે તે મુજબની બાતમી મળતા એલસીબી પોલીસે વોચ ગોઠવી હતી. એન એક ટીમ દ્વારા આણંદ જિલ્લાના વાસદ ટોલનાકા પાસે વોચ ગોઠવી હતી અને બુટલેગર ધ્રુવ ઉર્ફે જીનુ પટેલને કોઈ અંસાર આવે તે પહેલા જ એલસીબી પોલીસે ઝડપી લીધો હતો. આ ઉપરાંત એલસીબી પીએસઆઈ પી. એમ.વાળાની ટીમને રાત્રિના સમયે વધુ એક બાતમી મળી હતી કે, પ્રોહીબીશનના ગુનામાં વોન્ટેડ એવા કિશન ચૂડાસમા રહે.વેજલપુર, ભરૂચ નર્મદા ચોકડીથી ઓસારા રોડની આસપાસ ફરી રહ્યો છે જે મુજબની બાતમી મળતા વોચ ગોઠવવામાં આવી હતી અને આ વોચમાં વોન્ટેડ બુટલેગર કિશન ચૂડાસમાને પણ ઝડપી લેવામાં આવ્યો હતો. આમ એલસીબી પોલીસે વધુ તપાસનો આરંભ કર્યો હતો.

**DATE: 23/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### એલસીબીએ ઇકો કારમાં વેચાણ અર્થે ઓઇલ લઇ જતા બેને ઝડપતાં કૌભાંડ પકડાયું

# હજાત ગામે ઓએનજીસીની વેલમાંથી વાલ્વ ખોલી ઓઈલ ચોરતાં 4 ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી પી.એસ.આઈ આર.કે.તોરણી તેમજ તેમની ટીમ અંકલેશ્વર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે હજાત ગામ થી હરીપુરા તરફ જતા માર્ગ પર એક ઈકો કાર માં શંકાસ્પદ ઓઇલ નો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે.

જે માહિતી આધારે એલસીબી પોલીસની ટીમે હજાત હરિપુરા માર્ગ પર વોચ ગોઠવી હતી. દરમિયાન માહિતી આધારિત ઇકો કાર આવતા તેને કોર્ડન કરી સાઈડ પર ઊભી રાખી હતી અને અંદર તપાસ કરતા 4 કારબા માં શંકાસ્પદ ઓઈલ નો જથ્થો મળી આવ્યો હતો. જે આધારે ઇકો કાર ચાલક રાજેશ પટેલ અને પ્રજ્ઞેશ પટેલ બને રહે નવા ધંતુરીયા પાસે ઓઈલ અંગે જરૂરી આધાર પુરાવા માંગતા ના હોવાનું જણાવ્યું હતું. બને આ શંકાસ્પદ ઓઈલ નો જથ્થો હજાત ના પ્રવીણ વસાવા અને રમેશ વસાવા પાસે થી વેચાણે લીધો હોવાની કબૂલાત કરી હતી. જે આધારે બંને ની અટક કરી હજાત ગામે પોલીસે સર્ચ કરી પ્રવીણ વસાવા અને રમેશ વસાવા ને ઝડપી પાડ્યા હતા તેમની પૂછપરછ કરતા રમેશ વસાવા એ ગત રાત્રી ના હજાત ગામ સ્ટેશન પાસે વેલ નંબર 15 માં નીકળતું ક્રૂડ ઓઇલ પાઈપ ના પ્રેસર વાલ્વ ને વાંદરી પાનું વડે કંટ્રોલ કરી રબર ની પાઈપ વડે ચાલુ લાઇનમાંથી ક્રૂડ ઓઈલ ચોરી કરી સરકારી સ્કૂલ પાછળ સંતાડી રહ્યા બાદ રાજેશ પટેલ ને ફોન કરી વેચાણ આપ્યા હોવાની કબૂલાત કરી હતી. જે આધારે પોલીસે રાજેશ પટેલ, પ્રજ્ઞેશ પટેલ, પ્રવીણ વસાવા અને રમેશ વસાવા ની ધરપકડ કરી તાલુકા પોલીસ ના હવાલે કર્યા હતા.